# આપણો રાષ્ટ્રધ્વજ



– રાષ્ટ્રધ્વજ નું માપ ૩;૨ ના પ્રમાણ માં હોવુ જોઇએ.

– રાષ્ટ્રધ્વજ ની લંબાઇ કરતા ૧૦ ગણો મોટો ધ્વજ-સ્તંભ હોવો જોઇએ.

– રાષ્ટ્રધ્વજ સુર્યોદય પછી ફરકાવવો તથા સુર્યાસ્ત પહેલા ઉતારી લેવો જોઇએ.

– રાષ્ટ્રધ્વજ ફરકાવવા માં ઉતાવળ કરવી જોઇએ જ્યારે ઉતારતી વખતે ધીમે ધીમે શિષ્ટાચાર પુર્વક ઉતારવો જોઇએ.

– રાષ્ટ્રધ્વજને સલામી હંમેશા ટોપી, યા હેટ પહેરેલ હોય તો જ આપી શકાય નહિતર સાવધાન સ્થિતિ માં રહેવું.

રાષ્ટ્રધ્વજ અંગે ધ્યાનમાં રાખવા જેવી બાબતો :-

– રાષ્ટ્રધ્વજ સ્વચ્છ હોવો જોઇએ.

– અન્ય કોઇ ધ્વજ રાષ્ટ્રધ્વ ની જમણી બાજુ એ તેનાથી ઉંચાઇ એ ફરકાવી શકાય નહિં

– રેલી કે પરેડ વખતે રાષ્ટ્રધ્વ કુચ કરનારની જમણી બાજુ એ રહે તેમ રાખવો.

– મિલિટરી ગ્રુપમાં રાષ્ટ્રધ્વ હંમેશા વચ્ચે રહે છે અને તેનાથી બે ડગલા આગળ રહી પરેડ થાય છે.

– રાષ્ટ્રધ્વજને બીજા, કોઇ ધ્વજ સાથે એકજ સ્તંભ પર ફરકાવી શકાય નહિ.

– રાષ્ટ્રધ્વજ ઉપર કોઇ પણ પ્રકારનું લખાણ લખી શકાય નહિં.

– ધ્વજ નો ઉપયોગ અધ્યક્ષની પાટલી કે અધ્યક્ષના, મંચ ને ઢાકવાં માટે થઇ શકે નહી.

– ધ્વજ નો કઇ પણ મેળવવા, આપવા, ધરાવવા અથવા લઇ જવા માટે કાંઇ પાત્ર તરીકે ઉપયોગ થઇ શકે નહી.

– ખાનગી અત્યેષ્ટિ સમયે ધ્વજ નો ઉપયોગ શબને ઢાકવા માટે થઇ શકે નહી.

– રાજ્ય રાષ્ટ્ર, લશ્કર અને કેન્દ્ર સરકારની અર્ધ લશ્કરી દળો તરફ થી થતી અત્યેષ્ટિ માં ધ્વજ શબ પર ઢાંકવા માં આવે ત્યારે કેસરી રંગ માથા તરફ રાખવામાં આવશે.

–અગ્નિ સંસ્કાર કબર માં દફન કરતા પહેલા શબ ઉપરથી ધ્વજ સન્માન થી ખસેડી લેવામાં આવશે. ધ્વજ ને ઇરાદાપુર્વક જમીન, અથવા ભોંયતળીયે અડકવા દઇ શકાય નહી.

– અગત્ય ના રાષ્ટ્રીય પ્રસંગો, સાંસ્કુતીક અને ખેલકુદ નાં પ્રસંગો એ જાહેર જનતા કાગળ/પ્લાસ્ટીક ના બનેલ ધ્વજ ફરકાવી શકશે પરંતુ પ્રસંગ પુરો થતાં આવા ધ્વજ જમીન ઉપર ફેકી દેવાને બદલે ધ્વજ નાં સન્માન ને ધ્યાન લઇ ખાનગી રાહે નિકાલ કરવો જોઇએ.

– દરેક ભારતીય નાગરીકે રાષ્ટ્રધ્વજ નું સન્માન કરવું એ તેની ફરજ અને કર્તવ્ય છે. ત્રિરંગા ની આન, બાન અને શાન જાળવવા ની તમામ ની ફરજ છે.

– રાષ્ટ્રધ્વજનું ઇરાદાપુર્વક સન્માન નહી કરનાર ને દંડ અને ત્રણ વર્ષ સુધી ની કેદ ની જોગવાઇ છે.

–સરકારે બહાર પાડેલ સુચના અનુસાર ધ્વજ મકાનો, અન્ય સ્થળે અર્ધી કાઠી એ ફરકાવી લહેરાતો હોય તે સિવાય ધ્વજ અર્ધી કાઠી એ લહેરાવી શકાય નહી.

શાહ અંકિતકુમાર એ. ગોરજ પ્રા.શાળા, તા.વાઘોડિયા, જિ.વડોદરા **Web: http://teachersvadodara.yolasite.com/**

www.teachersvadodara.yolasite.com